IJRAR.ORG E-ISSN: 2348-1269, P-ISSN: 2349-5138

INTERNATIONAL JOURNAL OF RESEARCH AND ANALYTICAL REVIEWS (IJRAR) | IJRAR.ORG

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# સ્વતંત્રતા આંદોલનમાં પત્રિકાઓની ભૂમિકા

**ડૉ. અનિતા વી. પરમાર**
મદદનીશ શિક્ષક
સરકારી માધ્યમિક શાળા- ભીડીયા
જી. ગીર સોમનાથ

ભારતમાં સ્વતંત્રતા આંદોલનમાં જનજાગૃતિ લાવવા માટે થયા અને તે સમયના નેતાઓ, દેશભક્તોએ તો મહત્વની ભૂમિકા ભજવી જ હતી. પરંતુ સાથે સાથે પત્રકારો અને સમાચારપત્રોનો પણ વિશેષ ફાળો હતો. જેમાં ભારતની સુતેલી પ્રજાને જાગૃત કરવા માટે કવિઓ લેખકોએ અનેક સાહિત્યની રચના કરી હતી. એવા ગીતો લખ્યા હતા કે લોકોમાં જાગૃતિ આવે. અનેક પત્રકારોએ તેમજ અનેક એવી સમિતિઓએ પત્રિકાઓની શરૂઆત કરી હતી અને આ પત્રિકાઓએ તે સમયમાં લોકોને જાગૃત કરવાનું મહત્વનું કાર્ય કર્યું હતું જે નોંધવા જેવું છે□ માટે અહીં સ્વતંત્રતા આંદોલન માં પત્રિકાઓની શું ભૂમિકા રહી છે તેનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો છે.

### ગુજરાતમાં થયેલી લડતો અને પત્રિકાઓ

ગુજરાતમાં તે સમયના અલગ અલગ રજવાડાઓમાં તેમજ પ્રાંતોમાં અનેક પ્રકારની પત્રિકાઓ છપાતી હતી. દા.ત. ખેડા જિલ્લા પત્રિકા, ધોલેરા સત્યાગ્રહ સમાચાર પત્રિકા, બોરસદ સત્યાગ્રહ પત્રિકા અને કોંગ્રેસ પત્રિકા વગેરે કહી શકાય. ગુજરાતમાં થયેલી તમામ પ્રકારની લડતોની સફળતામાં પત્રિકા સાહિત્યનું આગવું મહત્વ છે. ગુજરાતમાં આવી પત્રિકાઓ ચાલતી અને લડતોનો જુસ્સો ટકાવતી તેમજ વધારતી. સ્થાનિક ગ્રામ્ય કક્ષા, તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા અને રાજ્ય કક્ષાએથી સમાચાર પત્રિકાઓ જુદા જુદા નામે બહાર પડતી.

#### ➔ પત્રિકાઓનું છાપકામ

સ્થાનિક પ્રજા દ્વારા રચવામાં આવેલી સમિતિઓ દ્વારા પત્રિકાઓ બહાર પાડવામાં આવતી તેમજ એકબીજા પાસે પહોંચાડવામાં આવતી કેટલીક સાયકલોસ્ટાઈલ થતી, તો કેટલીક હાથે લખવામાં આવતી મોટા ભાગની પત્રિકાઓ ગુપ્ત રીતે ખાનગી ઘરોમાં ચલાવતા પ્રિન્ટિંગ પ્રેસ દ્વારા છાપી બહાર પાડવામાં આવતી હતી.□ મોટા શહેરોમાં પત્રિકા માટેના સમાચાર વોર્ડ નાયકો મારફતે અવરજવર સંદેશા વાહકો દ્વારા મેળવવામાં આવતા.[3] પત્રિકાઓ રાત્રે ૧૨:૦૦ વાગ્યા પછી છાપવામાં આવતી.

#### ➔ પત્રિકાઓની પ્રચાર પદ્ધતિ

પત્રિકાઓ ગ્રામ્ય તથા શહેરોના યુવક- યુવતીઓ દ્વારા વહેલી સવારે તેને વહેંચી દેવામાં આવતી. પત્રિકાઓ કોઈ પાસે ઝડપાઈ તો એવી વ્યક્તિને પોલીસ સત્તા વિરોધી ગણીને પકડતી, મારતી અને સજા થતી.□ અને તેના માલ મિલકત જપ્ત કરવામાં આવતા. તેનાથી બચવા માટે સ્વયંસેવકો દૂધવાળા ના વેશમાં દૂધના કેનમાં, શાક વાળા કે છાપાવાળા ના વેશમાં, કમરે બાંધીને દળામણ અનાજના ડબ્બામાં, અન્ડરવેર નીચે, ઢોલકના પડમાં, વાંસના ભૂંગળામાં કે મજૂરના ટોપલામાં પત્રિકાઓ લઈ જતા અને તેની વહેંચણી કરતા. પત્રિકાઓ ક્યાં છપાય છે.□ તેની ખબર પોલીસને મળે નહીં તેની કાળજી રાખવામાં આવતી હતી. આવી પત્રિકાઓ કોઈ પાસે ઝડપાઈ તો અન્ય પત્રિકાઓ જેની પાસે હોય તે સમાચાર જાણ્યા પછી તેનો નાશ કરતા કે ક્યાંક સંતાડતા હતા.

### ➔ પત્રિકાઓમાં સમાવેશ થતી બાબતો

ઉપરોક્ત જણાવ્યા મુજબની પત્રિકાઓમાં ગ્રામ્ય તથા શહેરની જનતાનો સ્વાતંત્ર્ય લડત અંગેનું જુસ્સો ટકી રહે તેવા પ્રકારના લખાણો આપવામાં આવતા તેમજ વ્યંગ્ય ચિત્રો, જાહેર જનતાને અપીલો, સ્વયંસેવકોની ધરપકડ, તેઓની માલમિલકતની જપ્તી, પોલીસના જુલમી અત્યાચારો, રાષ્ટ્રીય નેતાના આદેશો કે ફરમાનો, બ્રિટિશ સલ્તનત કે તેને વફાદાર દેશી રાજ્યો સામે લડત આપવા માટેની વ્યુહરચના કે કાર્યક્રમ જેવા અસંખ્ય વિષયો નો સમાવેશ કરવામાં આવતો. પત્રિકાઓનું અંદરનું લખાણ વાંચવાથી ગમે તેવા માણસનું લોહી ઉકડી ઉઠતું અને સ્વતંત્રતાની લડત સફળ બનાવવા માટે તેમાં અનેક યુવક યુવતીઓ અને અન્ય લોકોને જોડાવાની પ્રેરણા મળતી હતી.□

## વિવિધ સ્થળોએ પ્રકાશિત થતી પત્રિકાઓ

આઝાદી પહેલા ગુજરાતના વિવિધ સ્થળોએ અનેક પત્રિકાઓ છપાતી હતી અને તેનો આગળના મુદ્દાઓ માં જણાવ્યા મુજબનો વિવિધ પદ્ધતિથી પ્રચાર કરવામાં આવતો હતો. જે પત્રિકાઓ નીચે મુજબ ગણાવી શકાય.

### ➔ ખેડા જિલ્લા પત્રિકા

ખેડા સત્યાગ્રહ ૧૯૧૮ માં ગુજરાતના ખેડા જિલ્લામાં થયેલું એક મહત્વપૂર્ણ ખેડૂત આંદોલન હતું. તે બ્રિટિશ સરકાર સામે ખેડૂતના હક માટે લડાયેલો અહીં સંઘર્ષ હતો. આ સત્યાગ્રહને ભારતના સ્વતંત્રતા આંદોલનમાં ખાસ સ્થાન મળે છે કારણ કે તેમાં પ્રથમ વખત મોટા પ્રમાણમાં ખેડૂત સંગઠિત થઈને શાંતિપૂર્ણ રીતે સરકાર સામે ઊભા રહ્યા હતા. તે સમય દરમિયાન ખેડા જિલ્લામાં ભારે વરસાદ રોગચાળો અને પાકની નિષ્ફળતા જેવી પરિસ્થિતિઓ સર્જાઈ હતી. ખેડૂતોની આર્થિક સ્થિતિ ખૂબ ખરાબ થઈ હતી. ઘણા ખેડૂતો પાસે ખાવા માટે પણ પૂરતું અનાજ ન હતું. બ્રિટિશ કાયદા મુજબ જો પાકનું ઉત્પાદન સામાન્ય કરતાં ઘણું ઓછું થાય તો ખેડૂતોને જમીન કરમાં રાહત મળવી જોઈએ, છતાં પણ બ્રિટિશ સરકારે જમીન કર વસૂલવાનો નિર્ણય કર્યો હતો. અને આમ ખેડૂતની મુશ્કેલીને ધ્યાનમાં રાખીને મહાત્મા ગાંધી ખેડા આવ્યા અને પરિસ્થિતિનો અભ્યાસ કર્યો. તેમણે ખેડૂતોને અહિંસક રીતે સંગઠિત થવાની સલાહ આપી. ગાંધીજીએ કહ્યું કે "જ્યાં સુધી સરકાર કર માફ ન કરે ત્યાં સુધી ખેડૂતો કર નહીં ભરે" આ આંદોલનમાં સરદાર વલ્લભભાઈ પટેલે ખૂબ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેઓ ગામે ગામ જઈ ખેડૂતોને સમજાવતા અને એકતા જાળવવા ની પ્રેરણા આપતા. પરંતુ છતાં બ્રિટિશ સરકાર ના જુલમો ખેડાની પ્રજા પર ચાલુ જ રહ્યા. અને ત્યાંની પરિસ્થિતિથી વાકેફ કરાવવા માટે ૧૯૩૧ માં મંત્રી, ખેડા જિલ્લા સમિતિ નડિયાદમાંથી પ્રકાશિત કરવામાં આવતી હતી. જેમાં ૧૫ જાન્યુઆરી ૧૯૩૧ ને ગુરુવારના ૨૩૪માં અંકમાં ડાકોરમાં નિર્દોષો ઉપર ગોળીબાર કરવામાં આવ્યો હતો, તે ઘટનાને આ પત્રિકામાં ઉજાગર કરવામાં આવી હતી, તેમાં ગોળી થી બે અને લાઠી થી ૬૦ લોકો ઘાયલ થયા તેવા સમાચાર છાપવામાં આવ્યા હતા.□ 'ચલાવ તારી ગોળી-ખુલ્લી છાતી એ પડકાર!' આવા સૂત્રો પણ પત્રિકામાં લખવામાં આવ્યા હતા. તેથી પ્રજામાં અન્યાય સામે લડવાનો જુસ્સો આવે આ સિવાય 'સ્વાતંત્ર્ય- દિનના મંગળ પ્રભાત ના ખુશખબર' તેવી પત્રિકામાં હેડલાઈન છાપી ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, વગેરે મહારાજ રાજા કાર્યવાહક સમિતિના ૬૦ થી ૭૦ આગેવાનો બિન શરતી છુટકારો વગેરે જેવા ભારત ભરમાં બનતી ઘટનાઓના સમાચાર પણ છાપવામાં આવતા. તેમજ પત્રિકા અંક ૨૪૬ અને ૨૯ જાન્યુઆરી ૨૦૩૧ અને ગુરુવારના સમાચારમાં પંડિત જવાહરલાલ નહેરુ અને ગાંધીજીએ આપેલા સૂચનો પણ લખવામાં આવ્યા હતા.[૮] આ પત્રિકાઓ હસ્તલિખિત હતી.ખેડા જિલ્લા ની પ્રજામાં દેશભક્તિ લાવવા તેમજ દેશમાં બનતી ઘટનાઓથી પ્રજાને માહિતગાર કરવા આ પત્રિકાએ ખૂબ મહત્વનો ભાગ ભજવ્યો છે.

### ➔ ધોલેરા સત્યાગ્રહ સમાચાર પત્રિકા

ધોલેરા સત્યાગ્રહ ની પત્રિકાઓ ની માહિતી પહેલા થોડા એના આંદોલન વિશે વાત કરીએ તો ભારતના સ્વતંત્રતા આંદોલન દરમિયાન ગુજરાતમાં થયેલું મહત્વપૂર્ણ સત્યાગ્રહ ધોલેરા સત્યાગ્રહ ગણાય છે. આ સત્યાગ્રહ ૧૯૩૦ માં થયો હતો. ધોલેરા અમદાવાદ નજીક ભાલ પ્રદેશમાં આવેલું સ્થળ છે. તે સમય દરમિયાન બ્રિટિશ સરકારે મીઠા પર કર લગાવ્યો હતો. અને સામાન્ય લોકોને પોતાના માટે મીઠું બનાવવાની છૂટ નહોતી. ગાંધીજીએ એ દાંડીકૂચ દ્વારા મીઠાના કાયદાનો ભંગ કર્યો, ત્યારબાદ ગુજરાતના અનેક વિસ્તારોમાં લોકો આંદોલનમાં જોડાયા ધોલેરા પણ તેમાંનું એક મહત્વનું કેન્દ્ર બન્યું હતું. આ સત્યાગ્રહનું મુખ્ય નેતૃત્વ અમૃતલાલ શેઠએ કર્યું હતું. તેઓ જાણીતા રાષ્ટ્રવાદી

કાર્યકર અને પત્રકાર હતા. તેમના માર્ગદર્શન હેઠળ અનેક યુવાનો અને સ્વયંસેવકો ધોલેરામાં ભેગા થયા. લોકો બ્રિટિશ કાયદાનો વિરોધ કરવા માટે મીઠું એકત્ર કરતા અને જાહેરમાં મીઠાનું કાયદો તોડતા. આ સત્યાગ્રહે બતાવ્યું કે સ્વતંત્રતા માટેની લડતમાં માત્ર મોટા શહેરો જ નહીં પરંતુ નાના ગામો અને તાલુકાઓ પણ સક્રિય હતા. ધોલેરા સત્યાગ્રહ ગુજરાતના સ્વતંત્રતા ઇતિહાસમાં એક પ્રેરણાદાયક ઘટના તરીકે યાદ કરવામાં આવે છે. એ જ ધોલેરા સત્યાગ્રહ સમાચાર પત્રિકા બહાર પાડનાર તંત્રી શ્રી મોહનલાલ અમૃતલાલ હતા. તેઓએ ૧૯૩૨ ના સમયગાળામાં આ સમાચાર પત્રિકા નો પ્રચાર કર્યો હતો. જેમાં પત્રિકા અંક નંબર ૩૫ માં બ્રિટિશ પેઢીઓનો બહિષ્કાર તેમજ બ્રિટિશ માલ બહિષ્કાર કરવા માટેના લખાણો જોવા મળે છે.[૯] જેમાં બ્રિટિશ સરકારના મિનિસ્ટર સર વિલિયમ્સ જોયસન વિશેની વાત કરવામાં આવી છે. કાઠીયાવાડની બ્રિટિશ પેઢીનો બહિષ્કાર કરી પ્રજાને જાગૃત કરવાના પ્રયત્નો કર્યા છે. આ સિવાય ધોલેરામાં ગાંધીજી જ્યારે ઉપવાસ કરે ત્યારે સ્વાતંત્ર્ય સેનાનીઓ અને દેશની પ્રજાએ કઇ પ્રવૃત્તિ કરવી તેની યાદી પણ આ પત્રિકાઓમાં આપેલી છે. જેમાં પ્રાર્થના કરો, શાંત સરઘસ કાઢો, ઉપવાસ કરો વગેરે જેવા કાર્યોનો ઉલ્લેખ મળે છે. આ પત્રિકા હસ્તલિખિત હોય તેવું માલુમ પડે છે.[૧૦]

### ➔ બોરસદ સત્યાગ્રહ પત્રિકા

બોરસદ સત્યાગ્રહ ગુજરાતના સ્વતંત્રતા આંદોલનનો એક મહત્વપૂર્ણ સત્યાગ્રહ હતો આ સત્યાગ્રહ ૧૯૨૩માં ખેડા જિલ્લાના બોરસદ તાલુકામાં થયો હતો. તેનું નેતૃત્વ પણ સરદાર વલ્લભભાઇ પટેલે લીધું હતું. તે સમય દરમિયાન બોરસદ વિસ્તારમાં ચોરી અને લૂંટફાટની ઘટનાઓ વધી રહી હતી. બ્રિટિશ સરકારે દાવો કર્યો કે લોકો ડાકુઓને મદદ કરે છે, તેથી સમગ્ર વિસ્તારમાં દંડ કર લગાવવામાં આવ્યો હતો. આ દંડ મુજબ નિર્દોષ લોકોને પણ વધારાનું કર ભરવો ફરજિયાત બનાવાયો હતો. ગામના લોકો અને ખેડૂતો આ નિર્ણયથી ખૂબ નારાજ થયા. કારણ કે તેઓ કોઇ ગુનામાં સામેલ ન હોતા છતાં તેમને સજા દેવી, કરવેરા ભરવાની ફરજ પાડવામાં આવી હતી જ્યારે સરદાર પટેલે લોકોની સમસ્યાનો અભ્યાસ કર્યો અને સમજ્યું કે આ કર અન્યાય પૂર્ણ છે અને આવી રીતે સરદાર પટેલે લોકોને સંગઠિત કર્યા અને અહિંસક રીતે કરનો બહિષ્કાર કરવાની સલાહ આપી. આંદોલન લાંબા સમય સુધી ચાલ્યું અંતે સરકારે તપાસ કરી અને સમજાયું કે લોકો પર લગાવવામાં આવેલો દંડ કર અયોગ્ય હતો. પછી સરકારને તે કર પાછો ખેંચવો પડ્યો. પરંતુ તે સમયની જે કંઇ પણ ઘટના હતી એ બોરસદ સત્યાગ્રહની પત્રિકાઓની અંદર આલેખમાં આવી છે. બોરસદ સત્યાગ્રહ સમાચાર પત્રિકા અંક નંબર ૬૭ ૧૨ માર્ચ ૧૯૩૨ અને શનિવારના રોજ "શ્રી ભક્તિ બાનું સ્વાગત કેમ કર્યું?", "ચાલો જેલમાં" આવા શીર્ષક દ્વારા તેનો વિગતવાર લેખ લખવામાં આવ્યો છે જેમાં અકિલામાં ઓર્ડિનન્સ રાજ કોઇ સલામત નથી, જોવું છું તમને કોણ પાણી પાય છે, બહેનો શું શું કરી શકે વગેરે જેવી બાબતો પર લખાણ લખવામાં આવ્યા છે.[૧૧] આ પત્રિકા પ્રિન્ટિંગ પ્રેસ દ્વારા છાપવામાં આવી હોય તેવું જણાય છે.

### ➔ કોંગ્રેસ પત્રિકા

કોંગ્રેસ પત્રિકા અંક નંબર ૨૩૪ ને ૧૯૩૨ માં શ્રી ઇમરજન્સી કાઉન્સિલ દ્વારા પ્રકાશિત કરવામાં આવતી હતી. જેમાં 'મોતના કંકુ' નામના શીર્ષક દ્વારા તેમજ કવિતા દ્વારા યુદ્ધ લડવાની વાત કરવામાં આવી છે. તેમજ રાષ્ટ્રની પરિસ્થિતિનું વર્ણન આ પત્રિકામાં કરવામાં આવ્યું છે. આ પત્રિકા પ્રિન્ટિંગ પ્રેસ દ્વારા છાપવામાં આવી છે.[૧૨]

### ➔ ગુજરાત સત્યાગ્રહ સમાચાર પત્રિકા

ઉપરોક્ત પત્રિકા ૧૯ ઓક્ટોબર ૧૯૩૨ અને બુધવારના અંકમાં બહાર પાડવામાં આવી છે. જેમાં સત્યાગ્રહ સંગ્રામ વિશે ની બાબતો રજૂ કરવામાં આવી છે. તેમ જ કયા પ્રાંતમાંથી કેટલી સંખ્યામાં સત્યાગ્રહીઓની ધરપકડ થઇ તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમજ પ્રમુખ સત્યાગ્રહો એ શું કાર્ય કર્યા તેના વિશે માહિતી આપી છે. આ પત્રિકા પ્રેસ પ્રિન્ટિંગ દ્વારા છાપવામાં આવી હતી. તેમજ તેમાં બારડોલી અત્યાચાર વિશે પણ લખવામાં આવ્યું છે.

### ➔ અન્ય પત્રિકાઓ

➢ જો ફૂલછાબ પત્રિકાની વાત કરવામાં આવે તો તે પત્રિકાઓમાં ચિત્ર દ્વારા ઘટનાને દર્શાવવામાં આવી છે. તેમજ સાથે સાથે વ્યંગ્ય ચિત્રો દ્વારા પ્રજાની પરિસ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે.

- ➢ વંદે માતરમ આઝાદ દૈનિક પત્રિકામાં ગોદી કામદારો ઉપર દારુણ અત્યાચાર થયો તેનો ઉલ્લેખ જોવા મળે છે. ૧૦ સપ્ટેમ્બર ૧૯૪૨માં અંક નંબર ૧૦ માં આ માહિતી છપાયેલ છે.

- ➢ સ્વરાજ્ય સંગ્રામ નામની પણ એક પત્રિકા છાપવામાં આવતી હતી. જેમાં બે ઓક્ટોબર ૧૯૪૨ ના ગાંધીજીની આખરી લડાઇ ' કરેંગે યા મરેંગે જેવા સૂત્રોચાર થી રાષ્ટ્રભક્તોને જાગૃત કરે છે. તેમજ અંગ્રેજોના જુલમોનો ચિતાર આ પત્રિકામાં જોવા મળે છે.

- ➢ ભારત સંગ્રામ નામની પત્રિકામાં ગાંધીજીના ઉપવાસનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બે માર્ચ ૧૯૪૩ ના અંક નંબર પાંચમાં ગાંધીજીને લગતી અન્ય બાબતોનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. અખિલ હિંદ મહાસભા સમિતિના પ્રચાર ખાતા તરફથી આ પત્રિકા છાપવામાં આવતી હતી.

## પ્રસિદ્ધ પત્રિકાઓ

ભારતના સ્વતંત્રતા આંદોલન દરમિયાન અનેક પ્રસિદ્ધ પત્રિકાઓ અને અખબારોએ જનજાગૃતિ ફેલાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ પત્રિકાઓ દ્વારા દેશભક્તિ, સ્વરાજ્ય, અહિંસા અને બ્રિટિશ સરકારના અન્યાય વિશે લોકો સુધી માહિતી પહોંચાડવામાં આવતી. જેની મહત્વપૂર્ણ પત્રિકાઓ આ મુજબ છે.

- ➔ **નવજીવન:** ગુજરાતી પત્રિકા જેમાં ગાંધીજીના વિચારો અને સત્યાગ્રહો વિશે લેખો આવતા.
- ➔ **યંગઇન્ડિયા:** અંગ્રેજી સાપ્તાહિક જેમાં રાષ્ટ્રીય આંદોલન વિશે માહિતી આપવામાં આવતી.
- ➔ **વંદેમાતરમ:** દેશભક્તિ અને ક્રાંતિકારી વિચારો માટે જાણીતી પત્રિકા.
- ➔ **અમૃતાબજારપત્રિકા:** બ્રિટિશ નીતિઓની ટીકા કરતું મહત્વપૂર્ણ અખબાર

## પત્રિકાઓનું મહત્વ

ગુજરાતમાં થયેલા વિવિધ સત્યાગ્રહો જેમ કે ખેડા સત્યાગ્રહ, બોરસદ સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ અને ધોલેરા સત્યાગ્રહ આ દરમિયાન પત્રિકાઓ અને અખબારોનું ખૂબ મહત્વ હતું. તે સમય દરમિયાન રેડિયો ટીવી અથવા સોશિયલ મીડિયાના સાધનો ન હતા. તેથી માહિતી પહોંચાડવાનું મુખ્ય સાધન પત્રિકાઓ જ કરતી હતી. મહાત્મા ગાંધીજીએ પોતાના વિચારો અને આંદોલનોની માહિતી લોકો સુધી પહોંચાડવા માટે પત્રિકાઓનો ઉપયોગ કર્યો. ખાસ કરીને નવજીવન અને યુગ ઇન્ડિયા ખૂબ જ પ્રસિદ્ધ હતા. પત્રિકાઓ લોકોમાં રાષ્ટ્રીય જાગૃતિ ફેલાવવા માટેનું કામ કરતી અને સત્યાગ્રહના સમાચાર ગામે ગામ પહોંચાડવાનું કામ કરતી. બ્રિટિશ સરકારના અન્યાય વિશે લોકો જાણતા થતાં. લોકોને અહિંસા અને એકતાનો સંદેશ મળતો બ્રિટિશ સરકાર સામે અવાજ ઉઠાવવા માટે પણ પત્રિકા મહત્વનું કામ કરતી હતી. પત્રિકાઓ દ્વારા બ્રિટિશ સરકારની ખોટી નીતિઓ અને દમનકારી પગલાઓની ટીકા કરવામાં આવતી. આથી લોકોમાં વિરોધની ભાવના મજબૂત બનતી. રાષ્ટ્રીય એકતા મજબૂત બનાવવામાં પણ પત્રિકાઓનું બહુ મોટું યોગદાન છે. દેશના જુદા જુદા ભાગોમાં ચાલતા આંદોલનની માહિતી મળવાથી લોકોમાં 'આપણો દેશ એક છે' એવી ભાવના વિકસતી. બ્રિટિશ સરકારની પ્રતિક્રિયા પત્રિકાઓની વધતી અસરને કારણે બ્રિટિશ સરકારે ઘણીવાર અખબારો પર પ્રતિબંધ મૂક્યા દંડ કર્યા અને સંપાદકોને જેલમાં મોકલ્યા છતાં પત્રકારો અને સ્વતંત્રતા સેનાનીઓએ પોતાના કાર્યોને ચાલુ જ રાખ્યા. ગુજરાતના સત્યાગ્રહોમાં પત્રિકાઓએ માત્ર સમાચાર આપવાનું જ નહીં પરંતુ સ્વતંત્રતા આંદોલનના શક્તિશાળી હથિયાર તરીકેનું કાર્ય કર્યું. તેમણે લોકોના જાગૃતિ ફેલાવવાનું કાર્ય કર્યું. ખેડૂતો યુવાનો અને મહિલાઓ આંદોલન સાથે જોડાતા. સ્વતંત્રતા માટે દેશભક્તિની ભાવના મજબૂત બનતી.આમ પત્રિકાઓ માત્ર સમાચાર આપવાનું સાધન ન હતી, પરંતુ સ્વતંત્રતા આંદોલનની શક્તિશાળી અવાજ હતી .તેમણે લોકોમાં હિંમત, એકતા અને લડવાની પ્રેરણા જગાડવા માટે પણ પત્રિકાઓનું મહત્વ છે.

આમ સ્વતંત્રતા આંદોલનોમાં પ્રજાની જાગૃતિમાં પત્રિકાઓની મહત્વની ભૂમિકા ગણાવી શકાય. તેમાં પણ આ આંદોલન દરમિયાન તેની સાથે સાથે તે સમયના તંત્રીઓ પત્રકારો અને લેખકોનો પણ મહત્વનો ફાળો ગણાવી શકાય. આ પત્રિકાઓ દ્વારા પ્રજામાં જાગૃતિ આવી અને દેશની આઝાદીમાં દેશની સામાન્ય પ્રજા સહભાગી બની. અને દેશમાંથી અંગ્રેજોને હાંકી કાઢ્યા. એટલે કહી શકીએ કે સ્વતંત્રતા સંગ્રામમાં સમાચારના નાનકડા ભાગ તરીકે વિવિધ સ્થળોએથી પ્રકાશિત થતી પત્રિકાઓની મહત્વની ભૂમિકા રહી છે જેની નોંધ લેવી ઘટે.

**સંદર્ભસૂચિ**


1. डॉ. प्रत्यूष दुबे, 'हिंदी पत्रकारिता और स्वदेश' शिवाक प्रकाशन, २०१०, नई दिल्ली, पृष्ठ ३९
2. દેસાઈ દિનેશ, 'ગુજરાતના પત્રકાર રત્નો' ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૨૦૦૯, પૃષ્ઠ ૩૧
3. મકવાણા કિશોર, 'મૃત્યુંજયી સાવરકર' મેઘન ઘોષ મીડિયા પ્રા.લી. - ૨૦૨૩, પૃષ્ઠ ૯
4. चमन लाल, 'भगतसिंह' मेघा बुक्स एक्स दिल्ली २००९, पृष्ठ ५६
5. આઝાદીની સુવર્ણ જયંતી વિશેષાંક 'રાજ દફ્તર' ગુજરાત રાજ્ય દફતર ભંડાર ખાતુ-૧૯૯૮, પૃષ્ઠ ૧
6. 'ગુજરાતના પત્રકાર રત્નો' પૂર્વક ગ્રંથ, પૃષ્ઠ ૩૧
7. ડો.જયેશકુમાર 'ગુજરાતમાં સ્વાતંત્ર સંગ્રામ' અમદાવાદ ૧૯૯૩, પૃષ્ઠ ૪૨
8. આઝાદીની સુવર્ણ જયંતી વિશેષાંક, 'રાજ દફ્તર' પૂર્વોકત ગ્રંથ, પૃષ્ઠ ૧
9. એજન, પૃષ્ઠ ૮
10. 'રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી' ગુજરાત સાહિત્ય અકાદમી આદર્શ પ્રકાશન-૨૦૦૫
11. આઝાદીની સુવર્ણ જયંતી વિશેષાંક 'રાજ દફ્તર' પૂર્વક ગ્રંથ, પૃષ્ઠ ૮
12. એજન, પૃષ્ઠ ૨૫
13. चड्ढा सविता, 'हिंदी पत्रकारिता अध्ययन और आयाम' असिएंट पब्लिकेशन, दिल्ली २०१७, पृष्ठ ११